# UNIT-1

## શૈક્ષણિક મનોવિજ્ઞાન તથા વૃદ્ધિ અને વિકાસ

## Educational Psychology & Growth and Development

1.1 મનોવિજ્ઞાન: સંકલ્પના, શૈક્ષણિક મનોવિજ્ઞાન: સંકલ્પના, વ્યાપ અને સાર્થકતા (Psychology: Concept; Educational Psychology:



SUG College of Education

# UNIT-1

## શૈક્ષણિક મનોવિજ્ઞાન તથા વૃદ્ધિ અને વિકાસ

## Educational Psychology & Growth and Development

1.1 મનોવિજ્ઞાન: સંકલ્પના, શૈક્ષણિક મનોવિજ્ઞાન: સંકલ્પના, વ્યાપ અને સાર્થકતા (Psychology: Concept; Educational Psychology: Concept, Scope and Significance)

1.2 વૃદ્ધિ, વિકાસ અને પરિપક્વતા: સંકલ્પના, સિદ્ધાંતો અને વૃદ્ધિ અને વિકાસ પર અસર કરતા પરિબળો (Growth, Development and Maturity: Concept, Principles and Factors affecting Growth & Development)

1.3 માનવ વિકાસના તબક્કાઓ: લક્ષણો અને શૈક્ષણિક ફલિતાર્થો (Stages of Human Development: Characteristics and Educational Implications)

1.4 તરુણાવસ્થા: સંકલ્પના, લક્ષણો, સમસ્યાઓ અને શૈક્ષણિક ફલિતાર્થો (Adolescence: Concept, Characteristics, Challenges and Educational Implications)

# શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં વપરાતા કેટલાક શબ્દો

- અધ્યયન = શીખવું/ભણવું = Learning
- અધ્યેતા = શીખનાર / વિદ્યાર્થી = Learner
- અધ્યાપન = શીખવવું / ભણાવવું = Teaching
- અધ્યાપક = શીખવનાર / શિક્ષક = Teacher

# મનોવિજ્ઞાનનો અર્થ: Meaning Of Psychology:



મનોવિજ્ઞાનને અંગ્રેજીમાં **Psychology**

ગ્રીક શબ્દો **Psyche + Logos** પરથી **Psychology** શબ્દ

**Psyche – Soul -** આત્મા
**Logos – Science –** વિજ્ઞાન
**Psychology =** આત્માનું વિજ્ઞાન

# મનોવિજ્ઞાનની વ્યાખ્યા: Definitions Of Psychology:



"વ્યક્તિની પ્રવૃત્તિઓનો તેના વાતાવરણના સંદર્ભમાં વૈજ્ઞાનિક અભ્યાસ એટલે મનોવિજ્ઞાન."

-વુડવર્થ

"માનવીય વર્તન અને માનવીય સંબંધોનો અભ્યાસ એટલે મનોવિજ્ઞાન."

-ક્રો અને ક્રો

"મનોવિજ્ઞાન એ વર્તનનું હકારાત્મક વિજ્ઞાન છે."

-ઇ.વૉટસન

# શૈક્ષણિક મનોવિજ્ઞાનનો અર્થ:
## Meaning Of Educational Psychology:



શૈક્ષણિક મનોવિજ્ઞાન એ મનોવિજ્ઞાનની એક શાખા છે.મનોવિજ્ઞાનના જ્ઞાનનો શિક્ષણમાં વિનિયોગ કરે છે.તે અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાને હેતુપૂર્ણ અને અસરકારક બનાવવા માટે વિદ્યાર્થી અને શિક્ષકોના વર્તનની સાથે સાથે અધ્યાપન-અધ્યયનની સાથે સંકળાયેલાં તમામ પરિબળોનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે.આ અભ્યાસને આધારે શૈક્ષણિક મનોવિજ્ઞાન વિદ્યાર્થીઓના વર્તન અંગે પૂર્વાનુમાન કરે છે.અને અધ્યેતાના અધ્યયન અનુભવોને હેતુ સિદ્ધ કરવાની દિશામાં નિર્દેશિત કરે છે.

# શૈક્ષણિક મનોવિજ્ઞાનનો વ્યાખ્યા:
# Definitions Of Educational Psychology:



"શૈક્ષણિક મનોવિજ્ઞાન એ મનોવિજ્ઞાનની એવી શાખા છે જે અધ્યાપન અધ્યયન સાથે સંબંધ ધરાવે છે." -સ્કિનર

"શૈક્ષણિક મનોવિજ્ઞાન એ વ્યક્તિના જન્મથી લઇને તેની વૃદ્ધાવસ્થા સુધીના તેના અધ્યયન અનુભવો વિશે સમજ આપે છે અને તેનું વર્ણન કરે છે." -ક્રો અને ક્રો


"શૈક્ષણિક મનોવિજ્ઞાન એ મનોવિજ્ઞાનની એક શાખા તરીકે શિક્ષણના સંદર્ભમાં વર્તનનું અનુમાન કરવા,નિયંત્રિત કરવા અને સમજવામાં મદદરુપ બને તેવા ચલોનો ખાસ અભ્યાસ કરે છે."
-ડુબોઇસ,અલ્વર્સન અને સ્ટાલી

# શૈક્ષણિક મનોવિજ્ઞાનનું સ્વરુપ:
# Nature Of Educational Psychology:



- તે મનોવિજ્ઞાનનો વ્યવહારુ ઉપયોગ કરતી એક શાખા છે.
- તે વિદ્યાર્થીના વર્તન અને વ્યવહારો સાથે સંબંધ ધરાવે છે.
- તે હકારાત્મક અને વ્યવહારુ વિજ્ઞાન છે.
- તે સંપૂર્ણ વિજ્ઞાન નથી.
- તે વૈજ્ઞાનિક અભિગમોનો ઉપયોગ કરે છે.
- તે વિદ્યાર્થીઓને સંતોષકારક શિક્ષણ આપવા માટે જરુરી એવું આવશ્યક જ્ઞાન પ્રદાન કરે છે.
- તે પ્રયોગો અને સંશોધનોના આધારે શિક્ષણના સિદ્ધાંતો શોધી કાઢે છે.
- તે શૈક્ષણિક પરિસ્થિતિમાં થતાં વ્યક્તિના વર્તનો અંગે અભ્યાસ કરે છે.

# શૈક્ષણિક મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર: [શિક્ષણ]
Scope Of Educational Psychology:



- ✓અધ્યેતા
- ✓અધ્યયન અનુભવો
- ✓અધ્યયન પ્રક્રિયા
- ✓અધ્યયન પરિસ્થિતિ/વાતાવરણ
- ✓અધ્યેતાનું મૂલ્યાંકન
- ✓શિક્ષક

# શૈક્ષણિક મનોવિજ્ઞાનનું શિક્ષણ ક્ષેત્રે પ્રદાન: [શિક્ષક માટે]
## Contribution Of Educational Psychology to Education:



- ❑ બાળકોની સમસ્યા સમજવામાં
- ❑ વિકાસના લક્ષણોની સમજ મેળવવામાં
- ❑ અભ્યાસક્રમની રચના કરવામાં
- ❑ વર્ગખંડમાં થતાં અધ્યયનનું સ્વરુપ સમજવામાં
- ❑ વ્યક્તિગત તફાવતો અંગે સમજ મેળવવામાં
- ❑ અસરકારક શિક્ષણ પદ્ધતિ અંગે સમજ મેળવવામાં
- ❑ માનસિક સ્વાસ્થ્ય અંગેની સમજ મેળવવામાં
- ❑ મૂલ્યાંકન
- ❑ સંશોધન
- ❑ માર્ગદર્શન અને સલાહ આપવામાં
- ❑ અપવાદરુપ બાળકોના શિક્ષણ અંગે માર્ગદર્શન
- ❑ હકારાત્મક વલણો વિકસાવવામાં મદદરુપ
- ❑ જૂથ સંચાલનને સમજવામાં